# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 15-11-2025 Day: Saturday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## પ્રધાનમંત્રી : ગુજરાત મુલાકાત

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે નર્મદા જિલ્લાના ડેડિયાપાડા ખાતેથી 9,700 કરોડ રૂપિયાથી વધુના વિકાસ કાર્યોનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યું.**

**મહાન આદિવાસી નેતા અને સ્વાતંત્ર્ય સેનાની બિરસા મુંડાની 150મી જન્મજયંતિની યાદમાં આદિવાસી ગૌરવ દિવસ નિમિત્તે માળખાગત સુવિધાઓ, આરોગ્ય અને શિક્ષણને લગતા આ પ્રોજેક્ટ્સ શરૂ કરવામાં આવ્યા છે.**

**બિરસા મુંડાની જન્મજયંતિની ઉજવણીના કાર્યક્રમને સંબોધતા પ્રધાનમંત્રીએ કહ્યું કે આ પ્રસંગે આપણે "સૌનો સાથ, સૌનો વિકાસ" ના મંત્રને મજબૂત બનાવવાનો સંકલ્પ લેવો જોઈએ.**

**------------------------------------------------------------------------------------**

## રસ્તાઓના રીપેરીંગની કામગીરી

**તાજેતરમાં પડેલા કમોસમી વરસાદ બાદ બિસ્માર તેમજ નુકસાનગ્રસ્ત માર્ગોને તાત્કાલિક ધોરણે પૂર્વવત કરી નાગરિકોની સુખાકારી માટે વિવિધ શહેરોમાં નગરપાલિકાઓ દ્વારા રોડ-રસ્તાઓના સમારકામ તથા સી.સી. રોડ બનાવવાની કામગીરી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત જીલ્લા મથક ભુજમાં ન્યુ સ્ટેશન રોડ, મુંદરા રોડ, વાલદાસ નગર, જુના ધાટીયા ફળીયા સહિતના વિસ્તારોમાં ભુજ નગરપાલિકા દ્વારા રસ્તાના સમારકામની કામગીરી કરવામાં આવી રહી છે.**

બીજીબાજુ, મુન્દ્રા-બારોઇ નગરપાલિકા વિસ્તારમાં મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અને મુખ્યમંત્રી શહેરી સડક યોજના હેઠળ રહેણાંક સોસાયટીઓમાં પેવર બ્લોક તથા સી.સી.રોડની કામગીરી હાથ ધરવામાં આવી હતી. નગરપાલિકા દ્વારા શહેરી વિકાસ યોજના હેઠળ સુરજનગર, ઉમિયાનગર અને ગુંદાલા રોડ સહિતના વિસ્તારમાં રોડ રી-સર્ફેસિંગની કામગીરી પણ કરવામાં આવી હતી.

---------------------------------------------------------------------------------------

## રવિપાકનું વાવેતર

જીલ્લામાં રવિ ઋતુ પાકના વાવેતરની શરૂઆત થઈ ગઈ છે. જિલ્લા પંચાયત સ્થિત જિલ્લા ખેતીવાડી અધિકારીની કચેરી દ્વારા રવિ પાકના વાવેતરની **31,269** હેકટરમાં શરૂઆતનો અહેવાલ તૈયાર કરવામાં આવ્યો છે. તાલુકાવાર જોઈએ તો, રાપર તાલુકો **14, 530** હેકટર વાવેતર સાથે સૌથી આગળ રહ્યો છે.

આ ઉપરાંત, અબડાસામાં **750** હેકટર, અંજાર **1900**, ભચાઉ **535**, ભુજ **8773**, ગાંધીધામ **155**, લખપત **320**, માંડવી **2290**, મુન્દ્રા **406** અને નખત્રાણામાં **1610** હેકટર વાવેતર થયું છે.

વિવિધ ખેતી પાકોમાં સૌથી વધુ રાઈનું **10,044** હેકટરમાં, જીરૂનું **8,082** હેકટરમાં, ઘઉ **5,535**, ઘાસચારો **4,285** અને શાકભાજીનું **2,568** હેકટરમાં વાવેતર અત્યાર સુધી થયું છે. આ ઉપરાંત, વરીયાળી, ચણા, ધાણા, રજકો, લસણ શેરડી, વગેરેનું પણ વાવેતર થયું છે.

---------------------------------------------------------------------------------------

## પ્રધાનમંત્રી આવાસ યોજના

ગાંધીધામ મહાનગરપાલિકા દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના **2.0** નો લાભ મેળવવા ઈચ્છતા લાભાર્થીઓ માટે નોંધણી કેમ્પનું આયોજન કરાયું છે.

વિવિધ ગામોની વોર્ડ ઓફીસમા આગામી ૨૪ થી ૨૭ નવેમ્બર સુધી યોજાનાર આ કેમ્પમાં પોતાની માલિકીનું  જર્જરીત મકાન કે ખુલ્લો પ્લોટ ધરાવતા લાભાર્થીઓની નોંધણી કરાવી ફોર્મ ભરવામા આવશે.  જેમા આવકનો દાખલો, જમીન માલિકી પુરાવા, રાશન કાર્ડ,

**આધાર કાર્ડ, પાનકાર્ડ,તેમજ બેંકની પાસબુકની નકલ જેવા જરુરી પુરાવા સાથે ઉપસ્થીત રહી યોજનાનો લાભ લેવા મહાનગરપાલિકા દ્વારા અપીલ કરવામાં આવી છે.**

**----------------------------------------------------------------------------------------**

## ભૂકંપનો આંચકો

**જિલ્લામાં આજે વહેલી સવારે ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. ભચાઉ અને રાપર વચ્ચે આવેલા કણખોઈ ગામ નજીક 2.7ની તીવ્રતાનો આંચકો નોંધાયો હતો. આ આંચકો વાગડ ફોલ્ટલાઈન પર આવ્યો હતો.**

**ઉલ્લેખનીય છે કે, ચાર દિવસ પહેલા, ગત 11મી તારીખે રાપરના બેલા નજીક 3.1ની તીવ્રતાનો આંચકો નોંધાયો હતો. આ આંચકો જમીનથી માત્ર 7 કિલોમીટરની ઊંડાઈએ આવ્યો હતો તેમ ગાંધીનગર સ્થિત સિસ્મોલોજી રિસર્ચ સેન્ટરે નોંધ્યું હતું.**

**----------------------------------------------------------------------------------------**

## હવામાન

**હવામાન.....**

**જીલ્લામાં પૂર્વ અને ઉત્તર-પૂર્વ દિશાના પવનો સાથે શિયાળો ધીમે ધીમે જામી રહ્યો છે. વહેલી સવારે અને સમી સાંજે લોકોને ગરમ કપડાં સાથે બહાર નીકળતા જોવા મળી રહ્યા છે તો હવામાનમાં રહેલી ભેજ અને ઠંડકને કારણે વાહનચાલકોને પણ હળવા ધુમ્મસનો સામનો કરવો પડી રહ્યો છે.**

**જોકે, આબોહવા પરિવર્તનના કારણે આ વખતે બેવડી ઋતુનો અનુભવ થઈ રહ્યો છે. જીલ્લાના મોટાભાગના શહેરોમાં સવાર અને બપોરના તાપમાન વચ્ચે 15થી 18 ડિગ્રીનો જંગી તફાવત નોધાઇ રહ્યો છે.  સવારે ફૂલગુલાબી ઠંડી અને બપોરે ગરમીના કારણે તાપમાનમાં આ તીવ્ર વધઘટથી લોકોના સ્વાસ્થ્ય પર માઠી અસર જોવા મળી રહી છે. આનાથી વાઇરલ શરદી, ઉધરસ, શ્વાસોશ્વાસની તકલીફો લોકોને અનુભવાતી હોય છે. દરમ્યાન, આજે સૌથી ઓછું તાપમાન નલિયા ખાતે 14 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.**

---

## વાયરલ તાવ

અબડાસા તાલુકાના કેરવાઢ ગામમાં છેલ્લા કેટલાક દિવસોથી વાયરલ તાવના કેસોમાં વધારો જોવા મળતા ગામમાં ચિંતા ફેલાઈ હતી. જેના પગલે આરોગ્ય વિભાગની ટીમ તાત્કાલિક ગામમાં દોડી ગઈ હતી. ગામમાં ડેન્ગ્યુ જેવા તાવના કેસોની સંભાવના ધ્યાનમાં રાખીને આરોગ્ય કર્મીઓએ ઘરો ઘર આરોગ્ય સર્વેક્ષણ કરી વિસ્તૃત તપાસ હાથ ધરી હતી. આરોગ્ય વિભાગે તાવની ચોક્કસ પ્રકારની ઓળખ માટે શંકાસ્પદ દર્દીઓના લોહીના નમૂનાઓ લઈ લેબોરેટરીમાં મોકલ્યા છે.

તળાવો, વહેતું પાણી અને ઘર આંગણાના પાણીના ટાંકા સહિત જ્યાં-જ્યાં મચ્છર પ્રજનન થવાની શક્યતા હોય તેવા તમામ સ્થળોની તપાસ કરીને જરૂરી દવાઓનો છંટકાવ પણ કરવામાં આવ્યો હતો.

---